ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૦-૦૪-૨૦૨૪**

પ્રતિ,

ખેતી નિયામકશ્રી,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**લાખો ખેડુતોને બરબાદ કરવાનો અનઅધિકૃત બીટી કપાસ બીજનો જથ્થો તૈયાર – રાજ્ય સરકાર ઘોર નિંદ્રામાથી ક્યારે જાગશે ?**

ગુજરાતમા અનઅધિકૃત રીતે BT કપાસ બીજના લાખો પેકેટનુ વેચાણ દર વર્ષે થાય છે અને તેના લાખો ખેડુતોને કરોડો રુપિયાની નુકશાન જાય છે, છતાં રાજય સરકાર આવા અનઅધિકૃત વેપારને અટકાવી શકી નથી ઉપરાંત અનઅધિકૃત બીટી કપાસ બીજ વેચતા ગુનેગાર વેપારી / ઉત્પાદકો પકડાયા છે તેને કાયદા મુજબ સજા કરાવવામા પણ નિષ્ફળ રહી છે.

આજે આગામી ખરીફ સિઝન માટે અનઅધિકૃત બીટી કપાસ બીજનુ પેકીંગ થઈ રહ્યુ છે અને બજારમા પણ આવી રહ્યુ છે, અને રાજ્ય સરકારે બીટી કપાસ બીજના વેપારી માટે ગર્ભિત ચેતવણી પણ આપી નથી. અનઅધિકૃત બીટી કપાસ બીજના ઉત્પાદન પ્લોટ ઉપર છાપા માર્યા નથી, નમુના લેવાયા નથી, ખેડુત વિરોધી રાજ્ય સરકારને કારણે લાખો ખેડુતો આવા અનઅધિકૃત બીટી કપાસ બીજને કારણે આર્થિક પાયમાલ થાય છે, દર વર્ષે અમારી વિનંતી અને માંગ રહી છે કે રાજ્ય સરકારનુ ખેતીવાડી ખાતુ આ દિશામા સાવધ રહીને ખેડુત જાગૃતિ અભિયાન શરુ કરે.

ફરી આ વર્ષે અમારી માંગ છે કે રાજ્ય સરકાર સરકાર માન્યતા પ્રાપ્ત બીટી કપાસ બીજ વેચાણ કરતી કંપનીઓના નામ અને તેની જાતોના નામની યાદી પ્રસિદ્ધ કરે જેથી રાજ્યના કપાસ પકવતા ખેડુતો અનઅધિકૃત બીજથી આર્થિક બરબાદીથી બચાવી શકાય.

એવી રીતે છેલ્લા ૨૦ વર્ષમા રાજય સરકારના ખેતીવાડી ખાતાના દફ્તરે અનઅધિકૃત બીટી કપાસ બીજ ઉત્પાદન કરતી કે વેચાણ કરતી કંપની ઉપર પોલીસ દફ્તરે ગુના નોંધાયા છે. તે કંપનીની અને પકડાયેલ તેની જાતોના નામની પુર્ણ વિગત ખેડુતોના વિશાળ હિતમા જાહેર પ્રસિદ્ધિ કરવામા આવે.

| ક્રમ | બીટી કપાસ બીજનો કાર્યક્રમ | ગુનો અટકાવવાનો સમય | સ્થળ |
|---|---|---|---|
| ૧ | બીટી કપાસ બીજ ઉત્પાદનનો સમય | જુલાઈ થી ડિસેમ્બર | ફિલ્ડ ઉપર તપાસ |
| ૨ | જીનીંગ – પ્રોસેસીંગ અને પેકીંગ | ડિસે. થી ફેબ્રુઆરી | જીનીંગ સ્થળ |
| ૩ | વિતરણ સ્થળ | ફેબ્રુઆરી થી અપ્રિલ | ગોડાઉનો-ડિલરો |

આ મુજબ આજે તેનુ પેકિંગ અને વિતરણનુ કામ ચાલી રહ્યુ છે, ત્યારે રાજ્ય સરકારે અનઅધિકૃત બીટી કપાસ બીજના વેચાણ અટકાવવા માટે સ્કોર્ડની ટીમ બનાવી ? આ ટીમે ફિલ્ડ ઉપર કેટલા નમુના લીધા ? કેટલા નમુના જીનીંગ પ્રોસેસિંગમા લીધા ? કેટલા નમુના પેકીંગ સમયે લીધા ? પછીની શુ કાર્યવાહી કરી ? વગેરે માહીતી જાહેર પ્રસિદ્ધ કરી રાજ્યના ખેડુતોને માહિતગાર કરવામા આવે. નિષ્ફળ ગયેલા નમુનાવાળી કંપનીની યાદી રાજ્ય સરકાર તરફથી શા માટે પણ પ્રસિદ્ધ કરવામા આવતી નથી. ? રાજ્ય સરકાર ગુનેગારોને શા માટે બચાવી રહી છે. ?

ગત તા.૦૭.૧૧.૨૦૨૩ ના રોજ રાજ્યના ખેતીવાડી વિભાગે આપેલ માહિતિ મુજબ "અનઅધિકૃત બિયારણના ગેરકાયદે વેચાણ" ની અટકાવવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ મા ૭૪૯૫ નમુના લીધા અને તેમા ૧૯૨ અમાન્ય થયા અને ૨૦૨૩-૨૪ મા ૧૬૯૩૧ નમુના લીધા તેમા ૨૮૩ અમાન્ય થયા, એમ કુલ છેલ્લા બે વર્ષમા ૪૭૫ બીજના નમુના અમાન્ય થયાની માહિતી આપી હતી, રાજ્ય સરકારને અમારો સવાલ છે કે ૪૭૫ નમુનામા અનઅધિકૃત જથ્થો કેટલા કીલો હતો ? કઈ કઈ કંપનીનો હતો ? તેના પર પોલીસ ફરિયાદ થઈ હતી કે નહી ? કેટલી ધરપકડ કરવામા આવી ? ક્યા પ્રકારના પગલા ભર્યા ? વગેરે માહિતી રાજય સરકાર આ માહિતી છેલ્લા ૨૦ વર્ષથી જાહેર કરતી નથી કારણ કે ભાજપા સરકાર ખેડુતોની નહી માત્ર વેપારીની છે.

એક આધારભુત માહિતી મુજબ આમ રાજ્ય સરકારનુ ખેતીવાડી ખાતુ એક બાજુ "અનઅધિકૃત બિયારણના ગેરકાયદે વેચાણ" ઉપર સખત પગલા ભરવાના દાવા વચ્ચે કેન્દ્ર સરકારે લોકસભામા રજુ કરેલ આંકડા મુજબ સાત વર્ષમા માત્ર ૯ કંપની ઉપર ફરીયાદ અને ૩૮ વ્યક્તિની ધરપકડ કરેલ છે.જે છેલ્લા બે વર્ષના આંકડા સાથે વિસંગતા ઉભી કરે છે. આ બન્ને દાવા વચ્ચે સત્ય શુ છે તેનો જવાબ રાજ્યના કૃષિ મંત્રી આપે.

ગયા વર્ષે ભાજપાના રાજ્યસભાના સભ્યશ્રી રામ મોકરીયાએ કૃષિમંત્રીશ્રીને પત્ર લખીને અનઅધિકૃત રીતે બીજ માફિયાઓના બિયારણથી ખેડુતોને આર્થિક નુકશાન જાય છે તેની ચિંતા કરી હતી અને તેના માટે તેમને માંગ કરી છે કે કાયદામા બીજ માફિયાઓને કડક સજાની જોગવાય કરવામા આવે અને તેમને જેલમા ધકેલવા જોઈએ.પરંતુ સરકારશ્રી તરફથી કોઇ કાર્યવાહી બની નથી.

આ વર્ષે પણ ગુજરાતમા "બીટી કપાસ બીજનુ અનઅધિકૃત બિયારણનુ ઉત્પાદન અને વેચાણ" મોટા પ્રમાણમા થયુ છે, પરંતુ જો રાજ્ય સરકારને ખેડુતોને આર્થિક નુકશાની અંગે ચિંતા હોય તો અનઅધિકૃત બીટી કપાસ બીજનો એક દાણો ખેડુતોના ખેતર સુધી ન પહોચે તેના "ઓપરેશન બીજ બુટલેગર' શરુ કરી ખેડુતોને આર્થિક નુકશાનીમાથી બચાવવા જોઈએ.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ